## વામોજ- ગામડી કોઝ-વે પાણીમાં ગરકાવ.... પ્રજાને હાલાકી...



હિંમતનગર તાલુકાના વામોજ થી ગામડી નેશનલ હાઈવે જતા માર્ગ પરના કોઝ-વે પર બુધવારના રોજ થયેલા ભારે વરસાદના કારણે વરસાદી પાણી ધસી આવતા વામોજ સહિત ઢુંઢર, ગોકલપુરા, દલપુરનો જિલ્લા મથક હિંમતનગર સાથેનો વ્યવહાર ખોરવાઈ ગયો હતો. આ માર્ગ પર પુલ બનાવવા અંગે વર્ષો જૂની માગણીની રજૂઆત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાવતા દર વર્ષે ચોમાસાની ઋતુમાં આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાને ભારે હાલાકી ભોગવી પડે છે.

## શ્રવણ સુખધામ સંસ્થામાં સન્માન સમારંભ યોજાયો...




હિંમતનગર નારી સંરક્ષણ ખાતે ફરજ બજાવતા કુમારી અસ્મિતા પ્રજાપતિને ગુજરાત સરકારશ્રીમાં પોતાની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ યુનિસેફ ક્રાય અને મહિલા બાળવિભાગ તરફથી એવોર્ડ પ્રાપ્ત થતાં ગાંભોઈ પાસેના પુનાસણ ગામે શ્રવણ સુખધામ સંસ્થા અને કે.ડી. ફાઉન્ડેશન તરફથી સંસ્થા સંચાલક ઈન્દુબેન પ્રજાપતિએ પાઘડી અને પુષ્પગુંજ તેમજ ચાકડાનું પ્રતીક કુંભાર રત્ન આપી સન્માનિત કર્યા હતા.

## વિશ્વ ગુજરાતી સમાજના યુથવિંગ કો.કન્વીનર તરીકે નિમણૂક...




વિશ્વના ૧૨૫થી વધુ દેશના ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરતી વિશ્વતરની આંતરરાષ્ટ્રીય વિશ્વ ગુજરાતી સંસ્થા દ્વારા ગુજરાતી સમાજ ગુજરાત રાજ્યના યુથવિંગના પ્રદેશ એડિશનલ કન્વીનર તરીકે રાષ્ટ્રપતિ પુરસ્કાર મેળવનાર રાષ્ટ્રપતિ સ્કાઉટ કૃણાલ દીક્ષિતની નિમણૂક કરતા આ નિમણૂકને રાજ્યપ્રદેશના બ્રહ્મ સમાજ તેમજ સાબરકાંઠા બ્રહ્મ સમાજના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી આવકારેલ છે.

## આઝાદીકા અમૃત મહોત્સવ નિમિતે ૧૫ ઓગષ્ટની ડીસા જલારામ મંદિરે શાનદાર ઉજવણી



આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત તારીખ ૧૫ ઓગસ્ટના ઐતિહાસિક દિવસે ડીસા જલારામ મંદિર ખાતે ખૂબ મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી જલારામ ભકતોએ સાંજે એકત્રિત થઈ ઢોલ-શરણાઈના નાદ સાથે ગરબે રમ્યા હતા. ભારતીય પરંપરાના પહેરવેશ મુજબ ભાઈઓ લેંઘા-ઝભ્ભામાં તેમજ બહેનોએ સાડી પહેરીને ૭૫ દંપતીઓએ પૂજ્ય જલારામ બાપાની સામૂહિક મહાઆરતી કરી ભારત દેશની પ્રગતિ તેમજ સુખાકારી માટે પૂજ્ય જલારામ બાપા તેમજ પૂજ્ય વીરબાઈ મા ને દિવ્ય પ્રાર્થના કરી હતી. આ અવસરે ટેટોડા ગૌશાળાના પૂજ્ય રામરતનજી મહારાજે ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા.જલારામ ભકતો સર્વ શારદાબેન આચાર્ય, ભગવાનભાઈ બંધુ,શશીકાંતભાઈ ડી.ઠકકર, આનંદભાઈ પી.ઠકકર, મહેશભાઈ ઉડેચા,કમલેશભાઈ રાચ્છ,દેવચંદભાઈ એન.ઠકકર, બળદેવભાઈ રાયકા,ગફુલભાઈ દેસાઈ, ઈશ્રૃવરભાઈ રાવળ,મનોજભાઈ ચૌહાણ, કનુભાઈ તૃપ્તિવાળા,આર.ડી.ઠકકર, નવીનભાઈ પ્રજાપતિ,નટુભાઈ લીંબાચીયા,તારાચંદભાઈ મજેઠીયા,વિષ્ણુભાઈ ઠક્કર, લાલાભાઈ ઠકકર, પિયુષભાઈ અખાણી,પ્રકાશભાઈ ઠકકર સહિત સૌએ કાર્યક્રમની સફળતા માટે નિષ્ઠાપૂર્વક સહકાર આપ્યો હતો.સૌ માટે કઢી-ખીચડી તેમજ કેળાંના પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં હાજરી આપનાર સૌએ અત્યંત રાજીપો વ્યક્ત કર્યો હતો.

## વેક્શીનેશન થકી લંપી રોગને અટકાવવામાં બનાસકાંઠા જીલ્લો સફળ



લંપી રોગના ફેલાવાની શરૂઆત થતાં જ બનાસ ડેરી અને રાજ્ય સરકારે તાબડતોબ પગલાં લઈ સારવાર અને રસીકરણનું કામ યુધ્ધના ધોરણે હાથ ઉપર લીધું. ગુજરાત રાજયમાં થયેલ કુલ ૩૭ લાખ વેક્શીનમાંથી બનાસકાંઠામાં ૧૧.૫૦ લાખ વેક્શીન ડોઝ યુધ્ધના ધોરણે એક જ પખવાડિયામાં આપીને આફતમાં મદદ કરવાનો રેકોર્ડ સ્થાપિત કર્યો. વેક્શીનની અસર ૧૫ દિવસે દેખાતી હોય છે તે દેખાવાની શરૂઆત બનાસકાંઠામાં થઈ ગઈ છે. આ કામ સાથે જોડાયેલા તમામ વેટરનરી ડોક્ટરો, બીજદાન કર્મચારીઓ, દૂધ મંડળીના ચેરમેનશ્રીઓ , મંત્રીઓ અને ગામેગામના સેવાભાવી યુવાનો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ મુશ્કેલ ઘડીમાં પશુપાલકોના પશુઓના પડખે ઉભા રહી અવિરત સેવા કરેલ છે તે બદલ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમની કામગીરીને બિરદાવે છે.

# આકરૂન્દ હાઈસ્કૂલમાં રાષ્ટ્રના ૭૬મા સ્વાતંત્ર દિનની આન, બાન, શાનથી ઉજવણી

### શાળાના શિક્ષક કમલભાઈ મિસ્ત્રીએ ઐતિહાસિક તિરંગો લહેરાવ્યો





બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૧૭

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૬મા સ્વાતંત્ર્ય દિનની આન, બાન, શાનથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના માધ્યમિક વિભાગના શિક્ષક કમલભાઈ એન. મિસ્ત્રીએ ઐતિહાસિક તિરંગો લહેરાવ્યો હતો ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો અને નાટક રજૂ કરી આમંત્રિતોને મોહી લીધા હતા. કેળવણી મંડળના સભ્યો, ગ્રામજનો સહિત મોટી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર આઝાદીના અમૃત મહોત્સવની સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહી હતી ત્યારે આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૬મા સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તિરંગા રેલી યોજવામાં આવી હતી. જેમાં સ્થાનિક ગ્રામજનો પણ સ્વયંભૂ જોડાયા હતા. સોમવારે રાષ્ટ્રના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે આકરૂન્દ હાઈસ્કુલમાં ઐતિહાસિક ધ્વજવંદન પછી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય જે.ડી.ભાટી, પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળા સ્ટાફ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર થયા હતા અને બાળકોએ સ્ટેજ ઉપર દેશભક્તિના ગીતોથી સૌને ડોલાવી દીધા હતા. ધ્વજવંદન કર્તા કમલભાઈ મિસ્ત્રીનું આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા મંત્રી હસમુખભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ મહેશભાઈ હીરૂભાઈ પટેલ, વિનોદભાઈ ધનજીભાઈ પટેલ, દિનેશભાઈ હિંમતભાઈ પટેલ, સહમંત્રી વિનોદચંદ્ર એમ. શાહ, ટ્રસ્ટી ઈશ્વરભાઈ એમ. બારોટ સહિત અનેક મહાનુભાવોની હાજરીમાં મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. શાળાના શિક્ષક કમલભાઈ મિસ્ત્રીએ ઐતિહાસિક તિરંગો લહેરાવવાની તક આપવા બદલ આકરૂન્દ કેળવણી મંડળનો આભાર માન્યો હતો. આકરૂન્દ હાઈસ્કુલમાં દર વર્ષે શાળાના શિક્ષકો દ્વારા ધ્વજવંદન કરવામાં આવતું હોય છે અને તે પરંપરા આ વર્ષે પણ ચાલુ રાખવામાં આવી હતી.

# નવાગામમાં પ્રવેશવાના રોડ ઉપર ભરાયેલા ઢીંચણ સમા પાણીનો નિકાલ ન થતાં મુશ્કેલી

### વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ખોરંભે રાહદારી, ખેડૂતો, વાહન ચાલકોની ચોમાસામાં હાલાકી વધી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭



તલોદ તાલુકાના નવાગામમાં પ્રવેશવાના રોડ ઉપરથી ભરાયેલાં ઢીંચણસમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં મુશ્કેલી વધી છે. ગામમાં વરસાદી પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થા ખોરંભે પડી હોય તેમ ચોમાસાના આરંભથી જ પ્રવેશદ્વારે પાણીનો ભરાવો થયો છે. રાહદારીઓ, ખેડૂતો અને વાહન ચાલકોને મહામુસીબતે વરસાદી પાણીથી ભરાયેલા સરોવરમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે.

- તલોદના સુખી સંપન્ન ગણાતા ગામની છેક ગાંધીનગર સુધી હાક વાગી રહી છે પરંતુ ગામના પ્રવેશદ્વારે કહેવાતા નેતાઓ વરસાદી પાણીનો નિકાલ કરવામાં નિષ્ફળ સાબિત થયા છે. વર્ષોથી ગામના પ્રવેશદ્વાર આગળ જ રોડ ઉપર વરસાદી પાણીનો ભરાવો થઈ જતો હોય છે. હાલ ચોમાસાની સીઝનમાં રણાસણથી નવાગામમાં પ્રવેશવું હોય તો ઢીંચણસમાં પાણીમાંથી રાહદારીઓને પ્રવેશવાની ફરજ પડી રહી છે ત્યારે રોડ ઉપર ભયજનક ખાડામાં પાણીનું તળાવ ભરાયેલું રહેતાં અનેક વાહનો પાણીમાં ખોટકાઈ રહ્યાં છે. રાત્રિના સમયે પાણીમાંથી પસાર થવું વાહન ચાલકો માટે જીવનું જોખમ હોવા છતાં જવાબદાર તંત્ર પાણીનો નિકાલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. વરસાદ થંભી ગયા પછી પણ પાણીનો નિકાલ થતો ન હોવાથી દ્વિ-ચક્રી વાહનો પાણીમાં જ ખોટકાઈ પડી બંધ થઈ જતાં હોવાથી ધક્કો મારવાની ફરજ પડતી હોય છે. ગામમાં વરસાદી પાણીના નિકાલ તેમજ ગટરલાઈન માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી યોગ્ય કામગીરી થઈ ન હોય તેવા દ્રશ્યો નવા ગામના રોડ ઉપર જોવા મળી રહ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા ચોમાસામાં ભરાઈ રહેલા વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ કરવામાં નહીં આવે તો જીવલેણ અકસ્માત થવાની દહેશત ઉભી થઈ છે.

# જિલ્લામાં વરસાદી માહોલથી બસ મથકોમાં મુસાફર, બજારોમાં ગ્રાહકોની પાંખી હાજરી

### સતત વરસાદના કારણે ધંધા-રોજગારોને પણ અસર : તહેવારોમાં સારી ઘરાકીની આશા ઉપર પાણી ફેરવતો વરસાદ




બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લીમાં બે દિવસથી સતત વરસાદી માહોલ જામ્યો છે. અવિરત વરસાદની હાજરી નોંધાતાં તેની વિપરીત અસર હવે જોવા મળી છે. બસ મથકોમાં મુસાફરો તેમજ બજારોમાં વરસાદના કારણે ગ્રાહકોની પાંખી હાજરી સ્પષ્ટ જોવા મળી રહી છે. જિલ્લામાં વધુ પડતો વરસાદ જે રીતે ખેતી માટે નુક્સાનરુપ થવાની ભીતી વ્યક્ત થઈ છે તે જ રીતે હવે ધંધા-રોજગારી માટે પણ વરસાદ નુક્સાનરૂપ સાબિત થઈ શકે છે.

અષાઢ મહિનામાં તોફાની વરસાદ વરસ્યા પછી હવે શ્રાવણ માસમાં માત્ર સરવળાં વરસાવવાને બદલે સાંબેલાધારે વરસાદ વરસવાની શરુઆત થઈ છે. હવામાન વિભાગે પણ હજુ બે દિવસ ભારે વરસાદની વ્યકત કરેલી આગાહી વચ્ચે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બરાબરનો વરસાદી માહોલ જામ્યો હોવાથી હવે ધંધા-રોજગારોને તેની અસર થવા લાગી છે. સતત વરસાદના કારણે મોટાભાગના પરિવારજનો ઘરમાં પુરાઈ રહેવાનું સલામત માની રહ્યા છે. ખેતરોમાં દવા છંટકાવ તેમજ નિંદામણના કામ ખોરંભે પડ્યાં હોવાથી કૃષિ બજારમાં પણ ખેડૂતોની પાંખી હાજરી જોવા મળી છે. મોટાભાગના બસ મથકોમાં વરસાદના કારણે મુસાફરોનો ટ્રાફીક ઘટી ગયો છે. એક સમયે મુસાફરોથી ભરચક રહેતા એસ.ટી. ડેપોના બાંકડા ખાલીખમ જોવા મળી રહ્યા છે. જ્યારે બજારોમાં પણ કાગડા ઉડતા હોય તેવી સ્થિતિ સામે આવી છે. ટૂંકમાં અવિરત વરસાદના કારણે હવે ધંધા-રોજગારોને પણ માઠી અસર થવા લાગી છે. વરસાદે જનજીવનને રીતસરનું બાનમાં લીધું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. વેપારીઓ સવારથી જ દુકાનો ખોલીને ગ્રાહકોની રાહ જોઈ રહ્યા છે પરંતુ વરસાદ બંધ થવાનું નામ લેતો નથી જેથી ગ્રાહકો વગર બજારો પણ સૂમસામ ભાસી રહ્યાં છે. જિલ્લામાં તહેવારોની શરૂઆત સાથે વરસાદ પણ ધબડાટી બોલાવી છે. સાતમ-આઠમ અને જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન બજારોમાં સારી ઘરાકી નિકળશે તેવી આશા ખેડૂતોએ રાખી હતી પરંતુ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે જેના કારણે બજારોમાં સુનામી જેવો માહોલ ઉભો થયો છે.

## ત્રિપદા પ્રા.શાળા-બાયડમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ



બાયડ (બૂરો ઓફિસ), તા.૧૭

જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ દ્વારા ગાયત્રી શક્તિપીઠ-બાયડ સંચાલિત ત્રિપદા પ્રા. શાળા-બાયડમાં રાષ્ટ્રના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડના પ્રમુખ ડ.દેવમૂડી. સોનીએ તિરંગો લહેરાવ્યો હતો. ત્યારબાદ શાળાના બાળકોએ દેશભક્તિને ઉજાગર કરતા વકતવ્ય આપી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત શાળાના બાળકોને જાયન્ટ્સ ગૃપ-બાયડ દ્વારા પરીક્ષાપેડ-બોલપેન આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી શૈલેષ એસ. ભાટીયા, ફેડરેશન ઓફીસર કુમુદચંદ્ર ભાવસાર, યુનિટ ડાયરેક્ટર ગીરીશ પટેલ, જાયન્ટ્સ ગૃપ સાહેલી બાયડના કાજલ ડી. સોની, પ્રિતમભાઈ પટેલ, ગાયત્રી શક્તિપીઠના પ્રમુખ ભરતભાઈ વ્યાસ, વાલીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય પંકજભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઈન્દીરાનગર (ડોદરા)પ્રા.શાળામાં દાતા દ્વારા સ્કૂલ ડ્રેસ-તિથિ ભોજન અપાયું



બાયડ - બાયડ તાલુકાની ઈન્દીરાનગર (વડોદરા) પ્રાથમિક શાળામાં ભાવિનકુમાર કૌશિકભાઈ જોષી તેમજ બિપીનભાઈ ભટ્ટ નિવૃત્ત ડે. કલેક્ટર) પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને સ્કુલ ડ્રેસ તેમજ તિથિભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેશભાઈ જોષી સહિતની શાળાના આચાર્ય નરેશભાઈ પ્રજાપતિ, ઉ.શિક્ષક અલ્પાબેન પટેલ તેમજ શાળા સ્ટાફ દ્વારા દાતા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## મોટા અવસરે મોદીજીએ કહ્યું... ‘ભ્રષ્ટાચારીઓ નહિ બચે...’

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ

બાયડ તા.૧૭

યોગ્ય અવસર ઉપર, યોગ્ય સમયે મોદીજી દેશની જનતા જોડે સહકાર અને સમર્થન માંગતા હોય છે ત્યારે મોદીજી બહુ મોટું કદમ ભરવાની તૈયારી કરી ચુક્યા હોય છે... ૧૫ ઓગસ્ટના રોજ લાલકિલ્લા ઉપરથી મોદીજીએ "ભ્રષ્ટાચાર" મુદ્દે જનતા જોડેથી સહકાર અને સમર્થન માગ્યું ત્યારે નક્કી થઈ ગયું હતું કે તેઓ ભ્રષ્ટાચાર વિરુદ્ધ બહુ મોટા પગલાં ભરવાની તૈયારી કરી ચુક્યા છે. તેમની સ્પીચમાં ભ્રષ્ટાચાર માટે આક્રોશ સ્પષ્ટ નજરે પડતો હતો, એટલે આગામી દિવસો ભ્રષ્ટાચારીઓ માટે ભારે હશે. "ભ્રષ્ટ નેતાઓ દેશની તિજોરી ખાલી કરે છે તો ભ્રષ્ટ અધિકારીઓ પ્રજાના ખિસ્સામાં હાથ નાખી જનતાને રોવડાવે છે અને આ વાસ્તવિકતાનો ખુલ્લેઆમ પડકાર કરવામાં આપણે સૌ ડરતા રહ્યા એટલે આપણા દેશમાં આવી ઉધઈના રાફડા વધતા ગયા." મોદીજીના આ અભિયાન અને તેમનું વક્તવ્ય સાંભળીને દેશના તમામ ચોર- લૂંટારાઓમા ફફડાટ વ્યાપ્યો છે...

હવે ED કે તેમના જેવી ભ્રષ્ટાચાર વિરુદ્ધ કામ કરતી એજન્સીઓ વધુ સખ્તાઈથી ચોર ટોળકી ઉપર ત્રાટકસે તે નક્કી છે. નેતાઓ હોય કે મંત્રીઓ હોય કે પછી તંત્રીઓ કે મૂડીવાદીઓ હશે કોઈ બચવાના નથી. મોદીજીના ભ્રષ્ટાચારના આક્રોશ અને ધૃણામાં સત્તાધારી પક્ષના નેતાઓ હશે તો તે પણ બચવાના નથી... માત્ર વિપક્ષ કે વિરોધી દળના ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ નથી તેઓ સત્તાધારી ભાજપના નેતાઓ હશે તો પણ મોદીજીની ધૃણામાં જેલના સળિયા પાછળ અવશ્ય હશે!! મોદીજીએ લાલકિલ્લા ઉપરથી જનતાને અપીલ કરી છે કે તેઓ ભ્રષ્ટાચારીઓના બચાવ માટે આગળ ના આવે.... દેશની જનતા તેમને સમર્થન આપવા તૈયાર બેઠી છે. દેશની જનતા ઈચ્છી રહી છે કોઈ ભ્રષ્ટાચારી નેતા બચવો ના જોઈએ ભલે તે ભાજપ, કોંગ્રેસ કે અન્ય કોઈ દળનો કેમ ના હોય??

ભ્રષ્ટાચારી નેતાઓ બચવા માટે અને પોતે સાચા છે એવું સાબિત કરવા ખૂબ ધમપછાડા કરવાના છે.. દેશની નિર્દોષ જનતાને ઉશ્કેરણી પણ કરશે પરંતુ નિષ્પક્ષ રીતે મોદીજી ચોર લોકો ઉપર ત્રાટકસે તો દેશભરમાં મોદીજી વધુને વધુ છવાઈ જશે. ટીવી ચેનલના સર્વે વાળા ૩૦૦ થી વધુ સિટની વાત કરે છે પણ જો મોદીજીનું આ અભિયાન સફળ અને નિષ્પક્ષ રહ્યું તો મોદીજી ૪૦૦ ના આંકડાની આસપાસ પહોંચી જશે તેવો જનતાનો અંતરનાદ છે અને મોદીજી માટે દિલના સ્પંદનો છે!! આઝાદ ભારતમાં ચૂંટાયેલા કેટલાક નેતાઓએ આઝાદીનો સૌથી વધુ ગેરલાભ લીધો છે. ભ્રષ્ટ નેતાઓને પક્ષ જોડે લેવાદેવા નથી તેઓ ગમે તે ઘરમાં રહીને પણ દરમાં ભરાયેલા સાપની જેમ ભારતમાતાને ડંખ મારવાનું જ કામ કરે છે.... ‘ભ્રષ્ટાચારી લોકોની જમાતમાં કેટલાક નેતાઓ છે તો કેટલાક અધિકારીઓ પણ એટલાજ જવાબદાર છે....’ ભ્રષ્ટાચાર શબ્દ સાથે જોડાયેલા કોઈપણ નેતા, અધિકારી, કર્મચારી કે મૂડીવાદી કોઈ જ બચાવો ના જોઈએ...

એવુ નથી કે મોદીજી પહેલા અગાઉના પ્રધાનમંત્રીઓ સારા નહોતા અથવા તેમને ભ્રષ્ટાચાર ગમતો હતો, ભ્રષ્ટાચાર કોઈપણ સરકારને ગમતો નહોતો પણ કમનસીબી એ રહી કે તેમની વિરુદ્ધ પગલાં ના ભરી શક્યા!! ‘પરંતુ અત્યારસુધી ભારતમાં જે તે સત્તાધારી પક્ષ સત્તા ટકાવવાના મોહમાં તેમજ ધારાસભ્યો કે સાંસદો તૂટવાની બીકથી આ પગલું ભરી શક્યા નથી...’ મોદીજી એક નીડર અને બાહોશ પ્રધાનમંત્રી છે એટલે જનતાની અપેક્ષા વધી ગઈ છે કે કોઈપણ ભોગે ભ્રષ્ટ લોકોને જેલના સળિયા પાછળ મોકલો. ભલે તે મોદીજીના પક્ષનો નેતા હોય કે તેમના વિરોધી દળનો નેતા હોય કોઈને છોડવા ના જોઈએ એવુ જનતા ઈચ્છે છે. બસ, આટલી દવા મોદી સાહેબ કરી લેશે તો દેશભરની જનતા મોદી દિવાની બનીને એમની પૂજા કરશે આ ભલે કડવું હોય પણ સત્ય છે!!

## પાલનપુરની વિદ્યામંદિર સ્કૂલના વિદ્યાર્થીઓએ હર ઘર તિરંગાની ભવ્ય ઉજવણી કરી

પાલનપુર તા.૧૭



આ વર્ષે આજે ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૨ એટલે કે આપણને આઝાદી મળ્યા ને ૭૫ માં વર્ષની ઉજવણી સંદર્ભ આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ આપણને સૌને આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવા હર ઘર તિરંગાના સૂત્ર સાથે દેશભાવના પ્રબળ બનાવવા આહવાન કરેલ છે. તે સંદર્ભે બનાસકાંઠા જિલ્લામાં સર્વત્ર તમામ શૈક્ષણિક સંસ્થાઓ સંગઠનો નાના-મોટા વેપારીઓ તમામ શહેરી મોલના સોસાયટીઓ અને નાની લારીઓ વાળા પણ પોતાને ત્યાં અને દરેકે પોતપોતાના ઘર ઉપર ત્રિરંગો ગત તારીખ ૧૩ મી ઓગસ્ટથી આજે ૧૫ મી ઓગસ્ટ સુધી એમ ત્રણ દિવસ ત્રિરંગો ફરકાવી ગર્વ અનુભવી રહ્યા છે. ત્યારે પાલનપુર ની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર ની જુદી જુદી શાળાઓ અને કોલેજોમાં હર ઘર તિરંગા આઝાદી કા અમૃત મહોત્સવ વિદ્યામંદિરની શ્રી બીકે ભણસાલી વિનય મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા તેમના ગુરુજનોની સુચના અનુસાર પોત પોતાના ઘરે ત્રિરંગો જાતે બનાવી અને ડ્રોઈંગ પેપર ઉપર ભારતના નકશા નું ચિત્રાંકન કરી શાળાએ લાવવા વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

## ધાનેરાની સક્સેસ સ્કૂલ ખાતે સ્વતંત્ર પર્વની ઉજવણી

ધાનેરા તા.૧૭




આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે સકસેસ સ્કૂલ & હોસ્ટેલમાં ધ્વજ વંદન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સ્વાતંત્ર દિનની ધામ ધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સર્વ સ્ટાફ ગણ વિધાર્થી મિત્રો વાલી ગણ તથા આમંત્રિત મહેમાનોએ ઉમળકાભેર ભાગ લઈને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. સ્વતંત્ર પર્વની ઉજવણી કરી હતી તે બાદ શિક્ષણ ક્ષેત્રે શાળા તરફથી સારા સારા બાળકો સર્ટીફીકેટ આપી સન્માનિત કરાયા હતા તેમજ બાળકોને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતાં.